પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબિલીટેશન એક્ટ ૨૦૧૩ ની કલમ ૨૬ મુજબ " રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિ" ની રચના અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસસીડબ્લ્યુ/૧૦૧૪/૭૨૭૭૭૨(પાર્ટ-૧)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૩/૦૭/૨૦૧૮.

વંચાણે લીધા:
(૧) પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સકેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબીલીટેશન રુલ્સ ૨૦૧૩.
(૨) સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: એસસીડબ્લ્યુ/૧૦૧૪/૭૨૭૭૭૨(પાર્ટ-૧)/ગ.

ઠરાવ:

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયની તા. ૧૯/૦૯/૨૦૧૩ ની અધિસૂચનાથી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેઅર રીહેબીલીટેશન એક્ટ ૨૦૧૩ અમલમાં મુકેલ છે. જેની કલમ નંબર (૨૬)ની જોગવાઇ મુજબ આ એક્ટના અસરકારક અમલીકરણ અને મોનીટરીંગ માટે "રાજય કક્ષાની મોનીટરીંગ સમિતિ" ની રચના કરવાની જોગવાઇ કરેલી છે.

ઉક્ત વંચાણે લીધેલા ક્રમ નંબર (૨) પરના અત્રેના તા. ૦૧/૦૪/૨૦૧૫ના સરખા ક્રમાંકના ઠરાવથી સદરહું રાજય કક્ષાની મોનીટરીંગ સમિતીનું માળખું નક્કી કરેલ છે. સદરહું ઠરાવના ક્રમ નંબર (૫) ની જોગવાઇ મુજબ " રાજય સરકાર દ્વારા નીમવામાં આવેલ અનુસૂચિત જાતિના બે ધારાસભ્યશ્રીઓ" ની નિમણૂંક રાજ્ય સરકારશ્રી દ્વારા કરવાની રહે છે.

આમ, વંચાણે લીધેલા ઉક્ત ક્રમ નંબર (૨) પરના ઠરાવની જોગવાઇઓ અન્વયે રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિમાં નીચે મુજબના સભ્યશ્રીઓની નિમણૂંક કરવામાં આવે છે.

ઈનવર્ડ નં. 131
તારીખ 17/7/18



(593)

18/7/18 TDO Gandhi

ક્રમ નબર (૫) માં નીચે મુજબના સભ્યશ્રીઓની નિમણૂંક કરવામાં આવે છે.

| ક્રમ | ધારાસભ્યશ્રીનું નામ | સરનામું |
|---|---|---|
| ૧. | શ્રી પ્રદિપભાઇ પરમાર,<br>૫૬-અસારવા વિધાનસભા | ૧૪૬/૧૧૪૧, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કલાપીનગર, અસારવા, અમદાવાદ- ૩૮૦ ૦૧૬. |
| ૨. | શ્રી હિતુભાઇ કનોડિયા,<br>૨૮- ઇડર વિધાનસભા | A-2, દિપીકા સોસાયટી, નવરોજજી હોલ ની નજીક, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ. |

વધુમાં તા. ૦૧/૦૪/૨૦૧૫ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તારીખ ૦૨/૦૭/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

-માનનીય રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.
-માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-માનનીય મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
-સર્વે માનનીય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-સર્વે માનનીય રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, પંચાયત ગામ ગૃહ નિર્માણ અને ગ્રામ્ય વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ (નિયામકશ્રી(અજાક) મારફત)
-નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

-મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.

-બેંકર સમિતિના અધ્યક્ષ, દેના લક્ષ્મી ભવન, આશ્રમ રોડ, RBI નજીક, અમદાવાદ.

-પ્રાદેશિક નિયામકશ્રી, વસ્તી ગણતરી, અમદાવાદ.

-મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, સેકટર-૧૭એ, ગાંધીનગર.

-નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો, સેકટર-૧૭, ગાંધીનગર.

-ડીવીઝનલ મેનેજરશ્રી, રેલ્વે, અમદાવાદ (નિયામકશ્રી(અજાક) મારફત)

*માનનીય ધારાસભ્યશ્રી પ્રદિપભાઇ પરમાર, ૧૪૬/૧૧૪૧, ગુજરાત હાઉસિંગ બોર્ડ, કલાપીનગર, અસારવા, અમદાવાદ- ૩૮૦ ૦૧૬.

*માનનીય ધારાસભ્યશ્રી હિતુભાઇ કનોડિયા, A-2, દિપીકા સોસાયટી, નવરોજજી હોલ ની નજીક, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.

*નિયામકશ્રી(અજાક)મારફત. (સદરહું ઠરાવની નકલ રૂબરૂ પાઠવી અત્રે પહોંચ મોકલી આપવા વિનંતી સહ)

-સેકશન અધિકારીશ્રી(કોમ્પ્યુટર સેલ શાખા) (વિભાગની વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ)

-સીલેકટ ફાઇલ.